# ડીપાર્ટમેન્ટ ઓફ હોટેલ મેનેજમેન્ટ દ્વારા બહેનો માટે બે દિવસનો બેકરી અને ફાસ્ટ ફુડ કુકીંગનો વર્કશોપ

મક્તબા જાફરીયા ડીપાર્ટમેન્ટ ઓફ હોટેલ મેનેજમેન્ટ દ્વારા તારીખ ૨૬ અને ૨૯ ડીસેમ્બર ૨૦૧૭ ના રોજ બહેનો માટે બે દિવસનો બેકરી અને ફાસ્ટ ફુડ કુકીંગનો વર્કશોપ યોજવામો આવ્યો હતો. જેમાં શેરપુરા, સેદ્રાણા, સિધ્ધપુર અને નજીકના ગામોમાંથી ૨૭ બહેનોએ ભાગ લીધો હતો. આ બે દિવસના વર્કશોપમાં પહેલા દિવસે બેકરીમાં વિવિધ પ્રકારની ચોકલેટસ અને કેક શીખવવામાં આવી. જેમાં બેકરી પ્રોડક્સ ઘરે સરળતાથી અને ઓછા સાધનોમાં કેવી રીતે બનાવવું તેની જનાબ આબીદઅલી (બેકરી શેફ) એ ખુબજ સરસ અને સરળ સમજુતી આપી હતી. બીજા દિવસે ફાસ્ટફૂડ કુકીંગમાં ચીકન સલાડ, ઈંડાની વાનગી, કાથીરોલ(ફ્રેન્કી), ચણા કબાબ અને બટરચીકન જેવી વિવિધ વાનગીઓ શીખવવામાં આવી હતી. જેમાં જનાબ મંજુરહુસૈન (કુકીંગ શેફ) એ રાંધણકળા અને ખોરાક માંથી મળતા પોષકતત્વો વિષે અને ઓછા સાધનો, ઓછા સમયમાં કેવી રીતે સારું સ્વાદિષ્ટ ભોજન બનાવવું તેની સરળ સમજુતી આપી હતી. આ વર્કશોપમાં ભાગ લીધેલી બહેનોએ વર્કશોપનો પૂરો લાભ ઉઠાવ્યો હતો અને ફરી આવા પ્રકારનો વર્કશોપ યોજવાની મંગણી કરી હતી. ઈન્શાલ્લાહ આ પ્રકારના કુકીંગ વર્કશોપ મક્તબા જાફરીયા ડીપાર્ટમેન્ટ ઓફ હોટેલ મેનેજમેન્ટ દ્વારા યોજાતા રહેશે જેની જાહેરાત જાફરી ટાઈમ્સ અને જાફરી આવાઝ દ્વારા કરવામાં આવશે.








